| Published Date: | 19 Sep 2025 | Publication: | Prabhat (Gujarati) [Ahmedabad] |
|---|---|---|---|
| Journalist: | Bureau | Page No: | 2 |
| Circulation: | 22,572 | | |



# ટાટા એસેટ મેનેજમેન્ટે ગિફ્ટ સિટીમાં ઓફિસ શરૂ કરી, ટાટા ઈન્ડિયા ડાયનેમિક ઈક્વિટી ફંડ લોન્ચ કર્યું

ટાટા એસેટ મેનેજમેન્ટે વૈશ્વિક રોકાણકારોને ફંડ મેનેજમેન્ટ સર્વિસીઝનો વિસ્તાર કરવા અને તેમને ભારતના વાઈબ્રન્ટ ઈક્વિટી માર્કેટ્સની એક્સેસ પૂરી પાડવા માટે ગુજરાતના ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસીઝ સેન્ટર (આઈએફએસસી) ખાતે બ્રાન્ચ શરૂ કરી છે. કંપનીને ટાટા ઈન્ડિયા ડાયનેમિક ઈક્વિટી ફંડ – ગિફ્ટ આઈએફએસસી લોન્ચ કરવા માટેની મંજૂરી પણ મળી ગઈ છે. આ એક રિટેલ-ફોક્સ્ડ ઈનબાઉન્ડ ફીડર ફંડ છે જેમાં લઘુતમ ૫૦૦ યુએસ ડોલરથી રોકાણ કરી શકાશે. આ ફંડ મ્યુચ્યુઅલ ફંડ ઈક્વિટી સ્કીમ્સ અને એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ઈટીએફ)માં રોકાણ કરશે.

ટાટા એસેટ મેનેજમેન્ટ પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર પ્રથિત ભોબેએ જણાવ્યું હતું કે "ભારત વસ્તીવિષયક, ડિજિટલ પરિવર્તન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભાર અને આર્થિક ઔપચારિકીકરણ દ્વારા સંચાલિત અનેક દાયકાના વિકાસ ચક્રના શિખર પર છે. ગિફ્ટ સિટી વૈશ્વિક રોકાણકારો માટે આ તકમાં ભાગ લેવા માટે વિશ્વકક્ષાનો પ્રવેશ દ્વાર બનવા માંગે છે."

ટાટા એસેટ મેનેજમેન્ટના ઈન્ટરનેશનલ બિઝનેસ હેડ અભિનવ શર્માએ જણાવ્યું હતું કે "ગિફ્ટ આઈએફએસસીથી ટાટા ઈન્ડિયા ડાયનેમિક ઈક્વિટી ફંડ લઘુતમ ૫૦૦ યુએસ ડોલરની ટિકિટ સાઈઝ, બિન-નિવાસીઓ માટે નોંધપાત્ર કરવેરાના લાભો તથા ભારતની ગ્રોથ સ્ટોરીમાં પ્રત્યક્ષપણે ભાગ લેવા નાના અને મોટા બંને પ્રકારના વૈશ્વિક રોકાણકારો માટેનો પ્રવેશદ્વાર રજૂ કરવાની અમારી ક્ષમતા સાથે સૌના માટે સુલભતા ધરાવે છે."

ટાટા ઈન્ડિયા ડાયનેમિક ઈક્વિટી ફંડ વ્યક્તિઓ અને એકમો સહિતના વિદેશી રોકાણકારો, બિન-નિવાસી ભારતીયો (એનઆરઆઈ) તથા ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (એફએટીએફ) ધારાધોરણોનું અનુપાલન કરતા ન્યાયક્ષેત્રોના ભારતના વિદેશી નાગરિકો માટે ખુલ્લું છે.